ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

મનિષાબેન એ જૈન
(૮-૮-૧૯૭૮)
ખજાનચી, સંગીની સંસ્થા

જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે આજે મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત મહિલા શિક્ષણ દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાગીત અભિનય સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્યા સંતોકબેન ચૌધરીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ધોરણ-૧૨ અને ૧૦ની વિદ્યાર્થીનીઓએ 'ધોરણ-૧૦ અને ૧૨ના અભ્યાસ પછી શું?' એ વિષયે માહિતી આપી હતી. શાળાની એવી કર્મયાગી મહિલાઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું, જેમને સંતાનમાં માત્ર દીકરી જ હોય.

આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓ દ્વારા કારકિર્દી માર્ગદર્શન, કન્યા કેળવણી તથા મહિલાઓના ઉજ્જવળ ભવિષ્ય માટેના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો વિશે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત પુસ્તક પ્રદર્શન, રેલી, ચૌધરી ઈજનેરી કૉલેજની મુલાકાત, પોસ્ટર પ્રદર્શન, બેટી બચાવો, નારી તું નારાયણી, નારી તું ના હારી જેવા વિષયો પર ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા તથા માતૃમંડળ દ્વારા માતૃમિટીંગ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની બલિહારી

નાટ્ય કલાકારોને સેમિનારના નામે માઈન્ડ પાવરની તાલીમ

નવાં-મૌલિક નાટકો સ્કીમમાં આવે તે માટે સમયની મર્યાદા પંદર દિવસ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા આજે રાજ્યભરના કલાકારોને અમદાવાદ ખાતે સેમિનારના નામે નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને આજે કલાકારો આવતાં તેમને દિવસભર માઈન્ડ પાવરની તાલીમ આપવામાં આવી હતી, જેનાથી કલાકારોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ જ ગાંધીનગર સમાચાર દ્વારા સંગીત નાટક અકાદમીની કચેરીની રૂબરૂ મુલાકાત લઈને આજના સેમિનારનો એજન્ડા શું છે? તેમાં કઈ બાબતોની ચર્ચા થવાની છે? કોણ નિષ્ણાત આવવાના છે? વગેરે બાબતોની પૃચ્છા કરવામાં આવી હતી, પરંતુ જેમ કલાકારોને અકાદમી દ્વારા ગોળ-ગોળ માહિતી આપવામાં આવી હતી તેમ જ અખબારને પણ ગોળ-ગોળ માહિતી આપવામાં આવી હતી. આ કારણે અખબારે પણ નાટ્ય કલાકારોની માફક એવી ભીતિ વ્યક્ત કરી હતી કે સંગીત નાટક અકાદમી સેમિનારના નામે સમય અને નાણાંનો વ્યય કરવાનો હેતુ ધરાવે છે.

આ વાત આખરે સાચી પડી છે. આજે આયોજિત સેમિનારમાં રાજ્યભરમાંથી આવેલા ૩૫૦ જેટલા નાટ્ય કલાકારોને સંગીત નાટક અકાદમીએ ત્રણ માઈન્ડ ટ્રેનરના માધ્યમથી માઈન્ડ પાવરની ટ્રેનીંગ આપી હતી. 'ક્રિએટીવીટી ખીલવણીના આ લેસન'ને કારણે નાટક વિશે કંઈ જાણવા મળશે કે નાટ્ય અંગેની કોઈ તાલીમ મળશે એવું ધારીને સેમિનારમાં આવેલા નાટ્ય કલાકારોને ઘોર નિરાશા સાંપડી હતી અને પોતાનો એક આખો દિવસ બગડ્યાની લાગણી તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

અકાદમીના અધ્યક્ષ આ સેમિનારમાં ઉપસ્થિત રહેશે એવું અકાદમીના કર્મચારીએ કહ્યું હતું, પરંતુ એવું થયું નહીં. તેઓ વ્યારા હોવાથી આવી શકે એમ નથી એવી જાહેરાત કરાઈ અને સેમિનારની શરૂઆત અકાદમીના સભ્ય સચિવ બિપીન તલાટી દ્વારા કરવામાં આવી, જેમણે જણાવ્યું કે આ વખતે સરકારની વિવિધ યોજનાઓ હેઠળ નાટ્યનિર્માણ કરવા માટે ૧૫૦ જેટલી અરજીઓ મળી છે, જે પૈકી ૮૦ ટકા લોકોએ જ નાટકની સ્ક્રીપ્ટ રજૂ કરી છે. આ પૈકીની ૮૦ ટકા સ્ક્રીપ્ટ એવી છે કે જેમાં નવું કશું જ નથી! વર્ષો જૂની સ્ક્રીપ્ટ કે અગાઉ કોઈએ ભજવેલી સ્ક્રીપ્ટ જ આપવામાં આવી છે. હકીકતે આજે નાટ્ય માટે નવા વિષયો, નવા કૉન્સેપ્ટની જરૂર છે એમ જણાવી તેમણે હજુ સ્કીમ હેઠળ સ્ક્રીપ્ટ જે વ્યક્તિઓને બદલવી હોય તેમને છેલ્લી તક આપવા માટે પંદર દિવસની સમય-મર્યાદા વધારવાની જાહેરાત કરી હતી. આ કારણે અકાદમીની વિવિધ સ્કીમમાં પસંદ થયેલાં નાટકોનાં નામોની જાહેરાત જે અગાઉ ૧૫મી ઑગષ્ટે થવાની હતી, તે હવે ૩૦ ઑગષ્ટે થશે એમ તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે નાટ્ય કલાકારોને સવારે ૮.૩૦ કલાકે ઉપસ્થિત રહેવા માટે અકાદમી દ્વારા જણાવાયું હતું અને સ્થળ પણ અગાઉ રવિશંકર રાવળ કલાભવન રખાયું હતું. પરંતુ, 'સંખ્યા વધી જતાં' સ્થળ બદલીને ભવન્સ કૉલેજ હૉલમાં આ સેમિનાર યોજવામાં આવ્યો હતો, જે ૮.૩૦ને બદલે ૧૦.૩૦ કલાકે શરૂ થયો હતો. આ કારણે સમયસર આવી ગયેલા કલાકારોને બે કલાક રાહ જોઈને બેસી રહેવાનો વારો આવ્યો હતો.

જૂનું નાટક એટલે બિનઉપયોગી નાટક એ માન્યતા ખોટી : સિનિયર નાટ્યકારો

'આજે નવાં નાટકોની જરૂર છે, નવી સ્ક્રીપ્ટની જરૂર છે તેથી નવાં નાટકો લાવો. વર્ષોવ જૂનાં નાટકો આવશે તો લોકો જોશે ક્યાંથી?' સેમિનારના પ્રથમ સત્રમાં આવું ગાણું ગાનાર સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ બિપીન તલાટીના આ ગાણા પર અમદાવાદના સિનીયર કલાકારોએ ભારે હૈયાવરાળ ઠાલવી હતી.

પ્રથમ સત્ર બાદ હૉલની બહાર એકત્ર થયેલા અમદાવાદના સિનીયર નાટ્યકારોએ બિપીન તલાટીના નવી સ્ક્રીપ્ટના ગાણાંને વખોડતાં જણાવ્યું હતું કે જૂનાં નાટકોમાં સત્ત્વ કે જોર નથી એવું નથી. સભ્ય સચિવને નાટ્યની સ્ક્રીપ્ટ વિશે કેટલું જ્ઞાન છે? વર્ષો પહેલાંનું નાટક 'કુમારની અગાશી' આજે પણ રજૂ થાય તો ટિકિટબારી છલકાવી દે એટલું કલેક્શન લાવે છે એ વાતની શું સભ્ય સચિવને જાણ છે? જૂનું નાટક એટલે બિનઉપયોગી નાટક એવી એમની માન્યતા ખોટી છે ને એવો આગ્રહ એમણે ન રાખવો જોઈએ એવી હૈયાવરાળ સિનીયર નાટ્યકારોએ વ્યક્ત કરી હતી.

એમ એચ વિદ્યામંદિર, ડભોડા ખાતે મહિલા સશક્તિકરણ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૭

તાલુકાના ડભોડામાં કાર્યરત એમ એચ વિદ્યામંદિરમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે શાળાના શિક્ષક ઘનશ્યામભાઈ મોદી તથા કામિનીબેન દ્વારા 'ગતિશીલ ગુજરાતમાં મહિલાઓનું યોગદાન' તથા 'મહિલા સુરક્ષા, મહિલાઓનું સમાજમાં સ્થાન' વિષય પર પ્રવચન યોજવામાં આવ્યું હતું.

ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા બેટી બચાવો વિષયની લઘુ નાટિકા રજૂ કરવામાં આવી હતી. ક્રિષ્ના પરમાર નામની વિદ્યાર્થીનીએ સ્ત્રીભ્રૂણ હત્યા વિષય પર એકપાત્રિય અભિનય પ્રસ્તુત કર્યો હતો. સેજલ ઝાલાએ દીકરીની વ્યથા વ્યક્ત કરતું ગીત તળપદી બોલીમાં પ્રસ્તુત કર્યું હતું.

આ પ્રસંગે ગામમાં આયોજિત રેલીમાં શાળાના ૯૫૦ વિદ્યાર્થીઓ વિવિધ પ્લેકાર્ડ્સ સાથે જોડાયા હતા. શાળા પરિવારે પણ આ રેલીમાં ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક હરેશભાઈ ખાચરે કર્યું હતું. શાળાના આચાર્ય અશોકભાઈ મોદી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

વિધાનસભા પેન્શનર્સ સમાજનો વાર્ષિક કાર્યક્રમ આગામી રવિવારે

સિનિયર પેન્શનર્સ તથા લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર્સ કપલનું સન્માન કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો 'શૈક્ષણિક ઈનામોત્સવ' તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આગામી તા. ૯ ઑગષ્ટના રોજ બ્રહ્માણીકૃપા હૉલ, સર્વ વિદ્યાલય, કૅમ્પસ, સેક્ટર-૨૩ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે, જેમાં ૬૫ વર્ષ તથા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર્સ તથા લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર્સ કપલનું સન્માન પણ કરવામાં આવશે.

સંસ્થાના માનદ્ મંત્રી બી ડી શાહ દ્વારા આ માહિતી આપતાં વિધાનસભા પેન્શનર્સ સમાજના વડીલોને સહકુટુંબ પૌત્ર-પૌત્રીઓ સહિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે સમાજનો આ કાર્યક્રમ વર્ષોથી નિયમિત રીતે યોજાય છે અને તેમાં પેન્શનર્સ પરિવારનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરાય છે.

સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ અંતર્ગત

જિલ્લા પોલીસ દ્વારા સ્વબચાવની કળાનું પ્રદર્શન યોજાયું

આર જી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ સ્વબચાવની વિવિધ ટેકનીક્સ રજૂ કરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ પ્રસંગે સ્વબચાવની કળાનું નિદર્શન યોજવામાં આવ્યું હતું.

સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૫ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રીમતી આર જી કન્યા વિદ્યાલયની ૧૨૫ વિદ્યાર્થીનીઓ તેમના શિક્ષકો રમેશભાઈ પટેલ, નારણભાઈ બારોટ, કમલેશભાઈ શર્મા તેમજ ઉર્વશીબેન જોષી સાથે ભાગીદાર રહી હતી. આ વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વબચાવની વિવિધ ટેકનીક્સ રજૂ કરી મહેમાનોનાં દિલ જીતી લેવામાં આવ્યાં હતાં અને તેમની પ્રશસ્તિ પ્રાપ્ત કરવામાં આવી હતી મહેમાનોના હસ્તે વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં તથા શિક્ષકોને સ્મૃતિચિન્હો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર મહાનગર-પાલિકાનાં મેયર હંસાબેન મોદી, જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલ, કરાટે ટ્રેનર અરવિંદભાઈ રાણા, લાયન્સ ક્લબ તથા રૉટરી ક્લબના હોદ્દેદારો તેમજ નિષ્ણાત પ્રશિક્ષક સુરજ ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. સૌ અતિથિઓએ વિદ્યાર્થીનીઓ તથા ઉપસ્થિત પ્રેક્ષકોને પ્રાસંગિત ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન બાદ વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

૧૯૪૨ની ઓગષ્ટ ક્રાંતિ : હિન્દ છોડો આંદોલન

આંદોલનના પાંચ જ વર્ષ પછી અંગ્રેજોને હિન્દ છોડવું પડ્યું હતું



દેશ ગુલામીની ઝંઝીરોમાં જકડાયેલો હતો. ભારતીય પ્રજા અંગ્રેજ શાસન તળે દબાયેલી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે ગુલામીની ઝંઝીર તોડવા લોકો તલપાપડ બન્યા હતા. ૧૯૪૨ની આઠમી ઑગષ્ટે 'અંગ્રેજો હિન્દ છોડી ચાલ્યા જાવ,' 'કરેંગે યા મરેંગે'ના સૂત્ર સાથે ભારતની આઝાદી માટેની લડતનો પ્રારંભ થયો હતો. જેને 'હિન્દ છોડો' ચળવળથી પણ ઓળખવામાં આવે છે. આ 'હિન્દ છોડો' ચળવળનું ભારત દેશની આઝાદીમાં અનેરું મહત્ત્વ છે.

ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં ૮મી ઑગષ્ટ, ૧૯૪૨ના દિને ગાંધીજી દ્વારા કરાયેલા આહ્વાન પર ભારત છોડો આંદોલનનો આરંભ થયો હતો. આ આંદોલન ભારત દેશના લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરુદ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન (સિવિલ ડિસ-ઓબિડિયન્સ મુવમેન્ટ) હતું. ક્રિપ્સ મિશનમાં વિફળતા મળ્યા બાદ મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસન વિરુદ્ધ પોતાનું ત્રીજું મોટું આંદોલન છેડવાનો ફેંસલો કર્યો હતો. ઑગષ્ટ, ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને 'અંગ્રેજો ભારત છોડો' એવું નામ આપવામાં આવ્યું હતું. જોકે ગાંધીજીને તત્કાળ ગિરફતાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશભરના યુવા કાર્યકર્તાઓ આંદોલન ચલાવતા રહ્યા હતા. જયપ્રકાશ નારાયણ જેવા અગ્રણીઓ આ ગતિવિધિમાં સૌથી વધારે સક્રિય રહ્યા હતા. પશ્ચિમ ભાગમાં સાતારા અને પૂર્વ ભાગમાં મેદિનીપુર જેવા કેટલાય જિલ્લાઓમાં સ્વતંત્ર સરકાર, પ્રતિસરકારની સ્થાપના કરી દેવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત રવૈયો અપનાવ્યો હતો. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે અંગ્રેજ સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો.

ભારત છોડો આંદોલન હકીકતમાં એક લોકઆંદોલન હતું, જેમાં લાખો સામાન્ય હિન્દુસ્તાની લોકો સામેલ થયા હતા. આ આંદોલન દ્વારા યુવાઓ મોટી સંખ્યામાં આકર્ષિત થયા હતા. આ યુવાઓએ પોતાની કૉલેજના અભ્યાસને છોડી દઈને જેલ જવાનો રસ્તો અપનાવ્યો હતો.

જૂન, ૧૯૪૪ના સમયમાં જ્યારો વિશ્વયુદ્ધ સમાપ્તિ તરફ હતું ત્યારે ગાંધીજીને જેલમાંથી છોડવામાં આવ્યા હતા. જેલમાંથી બહાર નીકળ્યા બાદ એમણે બૂલંદ અવાજે હિન્દ છોડો આંદોલનને ગતિશીલતા આપી. ઈસ ૧૯૪૫ના વર્ષમાં બ્રિટનમાં લેબર પાર્ટીની સરકાર બની હતી. આ સરકાર ભારતીય સ્વતંત્રતાના પક્ષમાં હતી. આ સમયમાં વાઈસરૉય લૉર્ડ વાવેલ તરફથી અગ્રણી પ્રતિનિધિઓ સાથે કેટલીય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૭મી ઑગષ્ટ, ૧૯૪૨ના દિને મુંબઈના ગોવાલિયા ટેન્કના મેદાનમાં રાષ્ટ્રીય કૉંગ્રેસની મહાસભાનું અધિવેશન મળ્યું હતું. દેશમાં સ્વતંત્રતાનો નવો પ્રકાશ પથરાયો હતો. આ અધિવેશનમાં ૨૦ હજાર ખાદીધારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલે ઉગ્ર ભાષામાં સત્તાપલટાની માગ કરી હતી. જ્યારે મહાત્મા ગાંધીજીએ ગંભીર સ્વરે આ જ માગણી દોહરાવી હતી અને સભામંડપમાં બૂલંદ અવાજ ગાજી ઉઠ્યો હતો : કરેંગે યા મરેંગે. અધિવેશનના બીજા દિવસે મહાસભાના 'ભારત છોડો' પ્રસ્તાવને મંજૂર કરાતા દેશને દિશા પ્રાપ્ત થઈ હતી અને જનતાને કર્મનો સંદેશ મળ્યો હતો. ૭મીએ સવારે ગાંધીજી, મૌલાના આઝાદ, કસ્તૂરબાની ધરપકડ કરવામાં આવી હતી.

આ વેળાએ રવિવારે દૈનિક સમાચાપત્રો બંધ રહેતા હોવાથી અંગ્રેજોએ ધરપકડ માટે રવિવાર પસંદ કર્યો હતો. અલબત્ત, તમામ દૈનિકપત્રોએ વધારાના અંકો પ્રસિદ્ધ કરી ધરપકડના સમાચાર પ્રસિદ્ધ કરતાં દેશ આખામાં અસહકારનો બળવો ફાટી નીકળ્યો હતો. જેના અનુસંધાને ૩૪ હજારથી વધુને સજા કરાઈ હતી અને ૧૬ હજારથી વધુને જેલમાં પૂરવામાં આવ્યા હતા. ૧૦૨૮ લોકો શહીદ થયા હતા, ૩૨૦૦ ઘાયલ થયા હતા. ગોવાલિયા ટેન્કમાં એકઠા થયેલા લોકો પર અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો અને તેમના ઉપર લાઠીચાર્જ પણ કરવામાં આવ્યો હતો. કાલબાદેવીના કમુરતખાનાવાળી જગ્યામાં બપોર સુધીમાં છ વખત ગોળીબાર થયો હતો. આમ, આંદોલને જોર પકડ્યું હતું. દમન વધ્યું અને 'કરંગે યા મરેંગે' તથા 'હિન્દ છોડો'ની ઑગષ્ટની ક્રાંતિએ પાંચ વર્ષ પછી ઑગષ્ટ મહિનામાં જ ૧૫મી તારીખે અંગ્રેજોને હિન્દ છોડાવ્યું હતું.

ભારતના સ્વતંત્રતા સંગ્રામની પરાકાષ્ઠા સમાન ઐતિહાસિક આ ચળવળમાં અમદાવાદની ક્રાંતિ અને કુરબાનીની કેટલીય ઘટનાઓ આંખ ભીંજવી નાંકે તેવી છે. ચળવળ દરમ્યાન શહેરની ગુજરાત કૉલેજ પાસે શહીદ થયેલા દેશભક્ત વિનોદ કિનારીવાલાનાં માતાએ પોતાના પુત્રના સ્મારક સમક્ષ શ્રદ્ધાંજલી અર્પી હતી. શહેરના ખાડિયામાં સ્થિત દેસાઈની પોળમાં એ ક્રાંતિના દિવસોમાં હૅરીટેજ મકાનમાં ઉપરના માળે શહેરસૂબા જયંતિ ઠાકોર સહિત સ્વતંત્રતાસેનાની નિયમિત મળતા, જ્યારે નીચેના ભાગે મહેતા પરિવારના સતુભાઈના મિત્ર અને અંગ્રેજ સરકારના પોલીસ અધિકારી આવતા. અલબત્ત, સતુભાઈના ચાતુર્યને કારણે છ મહિના સુધી આ ક્રાંતિની બેઠકોથી પોલીસ અધિકારી અજ્ઞાન રહ્યા હતા. મોડાસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હડતાળ પર ઊતર્યા હતા અને અનેક લોકોએ ધરપકડ વહોરી હતો.

ભારતની આઝાદી માટેની આ ચળવળમાં સાબરકાંઠા જિલ્લાનું મોટું યોગદાન હતું. આ લડતમાં લગભગ ૬૪ હજાર લોકો જેલમાં ગયા હતા. ૧૯૪૨ની સ્વતંત્રતાસંગ્રામની લડતમાં સાવલી તાલુકાના હસમુખલાલ હરિલાલ શાહનું પણ યોગદાન મહત્ત્વનું છે, જેમને 'સ્વતંત્રસેનાની'નું બિરુદ મળ્યું છે. કચ્છ જિલ્લાના ડૉ. વાઘેલાએ હિન્દ છોડો ચળવળ, દાંડી યાત્રામાં ભાગ લીધો હતો. જીવનમાં ગાંધી વિચારધારાને વરેલા ડૉ. વાઘેલા આજીવન ખાદીધારી રહ્યા હતા. કચ્છમાં તેઓ 'કચ્છના ગાંધી'ના નામે પણ જાણીતા હતા. ૧૯૪૨ની આ ચળવળમાં ભાગ લઈને છોટુભાઈએ પોતાનાં અદ્ભૂત સાહસ અને વીરતાની લોકોને ઝાંખી કરાવી હતી.

'હું કાગડા, કૂતરાના મોતે મરીશ, રઝડી-રવડીને મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહીં આવું..' દાંડીકૂચના આ સત્યાગ્રહની સફળતાએ ગાંધીજીને હિન્દ છોડો ચળવળની પ્રેરણા આપી હતી ઉલ્લેખ કરવો ઘટે.

મનોરંજન

સિનેમેક્સ	સિટી પલ્સ
સ્ક્રીન-૧	**સ્ક્રીન-૧**
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)	દેશ્યમ - ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦	**સ્ક્રીન-૨**
સ્ક્રીન-૨	બેંગીસ્તાન
બેંગીસ્તાન - સવારે ૯.૧૫	૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫
દેશ્યમ - ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦	બાહુબલિ - ૭.૦૦
સ્ક્રીન-૩	**સ્ક્રીન-૩**
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)	મિશન ઈમ્પોસીબલ (હિન્દી)
૧૦.૦૦, ૬.૪૫	૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
બેંગીસ્તાન - ૧૨.૪૫	મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી)
બજરંગી ભાઈજાન - ૩.૩૦, ૯.૩૦	૨.૪૫, ૭.૪૫
સ્ક્રીન-૪	**સ્ક્રીન-૪**
દેશ્યમ - સવારે ૧૦.૦૦	દેશ્યમ - સવારે ૧૦.૦૦
બાહુબલિ - ૧.૦૫, ૭.૧૦	બજરંગી ભાઈજાન
બેંગીસ્તાન - ૪.૨૫, ૧૦.૩૦	૧.૦૦, ૯.૪૫
	જાંનિસાર - ૪.૧૫
	મસાન (એ) - ૭.૧૫

સ્ટેડ બ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે ચરખાની પ્રતિકૃતિ પણ નગરજનોને જોવા મળશે. હાલ આ બ્રીજના કામને અનુલક્ષી છેલ્લા એક મહિનાથી ખ-૪ ખ-૫ સુધીનો રસ્તો બંધ કરી દેવાયો છે. જયારે હજુ પણ ઓગષ્ટના અંત સુધીમાં કામ પૂર્ણ થાય તેમ ન હોવાથી આગામી ડીસેમ્બર મહીના સુધી રસ્તો બંધ રાખવામાં આવે તેવી સંભાવના છે. બ્રીજનુ કામ ચાલતુ હોવાથી આમ રાહદારીઓની સલામતીને ધ્યાને રાખી રસ્તા પરની અવર જવર બંધ કરી દેવાઈ છે. બ્રીજના નિર્માણ બાદ મહાત્મા મંદિરમાં આવતા વી વી આઈ પી મહાનુભાવો ગોલ્ફ કાર મારફતે સીધા દાંડી કુટીર જઈ શકશે. જયારે પેડેસ્ટ્રીયન માટે પણ બ્રીજ ઉપયોગી પુરવાર થશે.

સત્યઘટના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતાં. સમય અને તક મળતાં યુવતી ગાંધીનગર પાસેના પોતાના રહેઠાણથી ભાગી છૂટી હતી અને બંનેએ ગત મે મહિનામાં જ હિંમતનગર પાસે લગ્ન કરી લીધું હતું.

બંનેએ હિંમતનગર પોલીસમાં જઈને પોતાની વાત જણાવી હતી અને હવે બંને અહીં જ રહેવાનાં છે, કાયદેસર લગ્ન કરી લીધું છે, એ મતલબની વાત પોલીસને સમજાવી પણ દીધી હતી. અને તે પછી બંને જણા નિર્દોષભાવે હિંમતનગર પાસેના એ નાનકડા ગામમાં સતત ચાર-પાંચ મહિનાથી રહેતાં હતાં. આ યુગલ ગાંધીનગરના પોલીસ સ્ટેશને જવાબો નોંધાવવાની વિધિ પૂરી કરવા આવી ગયું હતું. યુવતીના પિતા પણ જ્યારે પોલીસસ્ટેશનમાં આવ્યા ત્યારે બંને જણા ગભરાઈ ગયાં. યુવતીના પિતાએ દીકરીને જોઈને તેને આલિંગન આપ્યું ત્યારે દીકરીને જરાક રાહત થઈ કે હવે કદાચ કોઈ સમસ્યા નહિ થાય!

અંદર ક્રોધનો જ્વાળામુખી ફાટ્યો હતો, તેમ છતાં યુવતીના પિતા ઠંડા કલેજે કામ લઈ રહ્યા હતા, કેમ કે, દીકરીને ફોસલાવીને ઘેર લઈ જવાની હતી. પોલીસસ્ટેશનમાં પિતાએ દીકરીને સમજાવવાનું શરૂ કર્યું. દીકરીને પાછા પિતાગૃહે આવી જવા તેને લગભગ આજીજીભર્યા સ્વરે કહેવા માંડ્યું. પિતાએ કહ્યું, "બેટા, હજી કંઈ મોડું થયું નથી. તું ઘેર આવી જા, બધું ભુલાઈ જશે અને નવેસરથી જીવન શરૂ કરી દેજે!"

પણ દીકરી પોતાના મતમાં ને મનમાં અડગ રહી હતી. તેણે કહ્યું, "પણ, પપ્પા, હવે તો લગ્ન કર્યાને ચાર મહિના થઈ ગયા છે. હું અહીં ખૂબ ખુશ છું. હું એને છોડીને આવવા માગતી નથી. અને...હવે અમે ત્રણ થવાનાં છીએ!"

દીકરી ટસની મસ ન થતાં પરિસ્થિતિ કાબૂ બહાર જવા લાગી. વાતાવરણમાં ભારે ગરમાગરમી થઈ ગઈ. વાતચીતમાં પિતાનો ગુસ્સો કાબૂ બહાર જતો રહે એવી ઘણી નાજુક પળો આવી ગઈ, છતાં દીકરી ટસની મસ ન થઈ તે ન જ થઈ. અત્યાર સુધી કાબૂમાં રાખેલી જબાનને છુટ્ટી મૂકી દઈને પિતાએ દીકરી પર પોલીસસ્ટેશનમાં જ ક્રોધ ઉતારવા માંડ્યો. ઘેર આવવાના દીકરીના સતત ઈનકારથી ઉશ્કેરાઈ ગયેલા પિતાએ દીકરીની કૂખમાં એવો જોરદાર મુક્કો માર્યો કે દીકરી ત્યાં જ ફસડાઈ પડી. કોઈ પુરુષ પણ જવાનનો મુક્કો વેઠી ન શકે, તો આ તો દીકરી, અને તે પણ.... સગર્ભા....!

દીકરી બેભાન થઈને નીચે પટકાઈ ગઈ. હાજર પોલીસ પણ ઘડીભર સ્તબ્ધ થઈ ગઈ. તાત્કાલિક પોલીસ અધિકારીઓએ દરમિયાનગીરી કરીને તેને પોલીસની પીસીઆર વાનમાં ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરી. ડૉક્ટરથી માંડીને સૌ કોઈએ દીકરીને સાજી કરવા માટે ભારે મથામણ કરી અને દીકરી ભાનમાં આવી, ને આંસુ સારીને નાછૂટકે પોતાના પિતા વિરુદ્ધ તેણે પોલીસ ફરિયાદ નોંધાવવી પડી. હાલમાં પોલીસે ગુનો દાખલ કર્યો છે.

મચ્છરોની ઉત્પતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મચ્છરો માટે ફેવરેબલ પ્લેસ હોવાનુ મનાઇ રહયુ છે. મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ કાટમાળ ઝડપથી હટાવવામાં આવતો ન હોવાની ફરિયાદો સાથે આસપાસના રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે વેસ્ટ મટીરીયલ્સમાં વરસાદી પાણી ભળતા આ ઠેકાણે મચ્છરોના ઉદભવ સ્થાન અસ્તિત્વમાં આવે તેવી શકયતા પણ પ્રબળરૂપે સેવાઇ રહી છે. સેકટર - ૭માં પણ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ હાથ ધરાયા બાદ કાટમાળ ખસેડવામાં ઢીલ થતા આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધે તેવી શકયતા છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે વરસાદી દિવસોમાં આ મકાનો વધુ ખતરારૂપ બન્યા છે.

વાવણી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકાચક બનાવી દેવાયા બાદ સેન્ટ્રલ વર્જમાં પણ રંગબેરંગી ફુલોનો નિખાર જોવા મળે છે. જેમાં ગ માર્ગ પર પણ ફુલો નિખરતા નજારો બદલાઇ ગયો છે. જો કે ઘ માર્ગ નો સેન્ટ્રલ વર્જ હજુ પણ કંગાળ ભાસે છે. જયારે વન વિભાગ દ્વારા ચ માર્ગ પર નવા વૃક્ષો ઉછેરવા વન તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં બગીચાની પેટર્ન મુજબ ટીકોમા તેમજ ગરમાળાના વૃક્ષો ઉછેરવા ટુંકમાં વન વિભાગ દ્વારા વાવણીનું કામ હાથ ધરવામાં આવશે.

વર્લ્ડ રેકોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષમાં મહામંડળ દ્વારા પગરખાની ૨.૫૫ લાખ જોડી જરૂરિયાતમંદોને પુરી પાડી ધોમધખતા તાપમાં કામ કરતા ઉઘાડ પગાને પગરક્ષણ આપવામાં આવ્યુ હતુ. આ ઉમદા સેવા બદલ મહામંડળનુ નામ વર્લ્ડ રેકર્ડ ઓફ ઈન્ડીયા-૨૦૧૫માં સામેલ થયુ છે. આ તબક્કે મહામંડળના પ્રમુખ અરુણ બુચે જણાંવ્યુ હતુ કે આ પ્રવૃતિને વિશ્વ કક્ષાએ પહોંચાડવાનો શ્રેય સેવ